જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૦૧/૨૦૨૧ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૪૬/૨૦૨૧

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૭/૦૧/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૧૧૪ | ૪ | ૧૧૧૧૮ | ૧૭૨૪૪ | ૪ | ૧૭૨૪૮ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૬૯૭ | ૧ | ૪૬૯૮ | ૬૨૨૦ | ૧ | ૬૨૨૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૬૩ | ૦ | ૬૩ | ૨૬૦ | ૦ | ૨૬૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૨૬૪૨૫ | ૩૧૭ | ૨૬૭૪૨ | ૨૭૬૪૩ | ૨૭૭ | ૨૭૯૨૦ |
| કુલ | | ૪૨૨૯૯ | ૩૨૨ | ૪૨૬૨૧ | ૫૧૩૬૭ | ૨૮૨ | ૫૧૬૪૯ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૫૫ | ૧૫,૬૬,૦૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૪૦૫૮ | ૪૦,૫૮,૦૦૦/- |

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૨૧૪ લીટર દેશી દારૂ, ૫૪ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૧,૬૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૪૯/૨૦૨૧**

**મણીનગરઃ** ઉર્વશીબહેન જયેશભાઇ દવે (ઉ.વ.૫૩)(રહે.સોમીની એપાર્ટમેન્ટ બીજો માળ રાજપુર હીરપુર રેલ્વે કોલોની સામે મણીનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૦૧/૨૦૨૧ સવારના ૧૧/30 થી ૧૨/૧૫ વાગ્યા દરમ્યાન ઉર્વશીબહેનના ઘરે આવેલ અજાણ્યા બે પુરૂષોએ વાણસ ધોવાનુ લિક્વીડ વેચવાના તથા પાણી પીવાના બહાને ઉર્વશીબહેનના ઘરમાં પ્રવેશ કરી ઉર્વશીબહેનને કાર્ડ વાચવા આપ્યુ હતુ જે કાર્ડ વાચતા હતા ત્યારે કાર્ડમાં કોઈ બેભાન થઈ જવાય તેવુ દ્રવ્ય હોવાથી ઉર્વશીબહેન બેભાન ગયા હતા. ત્યારબાદ થોડા સમય પછે ઉર્વશીબહેન ભાનમાં આવ્યા ત્યારે ઉર્વશીબહેના હાથમાં પહેરેલ સોનાની બંગડી નંગ-૨ કિમત રૂપિયા ૮૦,૦૦૦/- જણાઈ આવેલ ન હોવાથી આ બન્ને પુરૂષો સોનાની બંગડીઓ ચોરી કરી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એસ.ગોસ્વામી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૫૦/૨૦૨૧**

**સરખેજઃ** કેતનભાઈ અરવિંદભાઈ પંડયા (ઉ.વ.૨૬)(રહે.ક્રિષ્ણા ડુપ્લેક્ષ બાપા સીતારામ ચોક નવી ફતેવાડી સરખેજ) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૧/૨૦૨૧ સાજના ૭/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં નાયલોનની દોરી બાંધી ગળેફાસો ખાતા સારવાર માટે તેમને વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન રાતના ૯/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.પી.સોલંકી ચલાવે છે.

**નિકોલઃ** રંજનબહેન અરવિંદભાઈ પરમાર (ઉ.વ.૩૦)(રહે.ટેબલી હનુમાન કાચા છાપરાંમાં કઠવાડા ગામ તા.દસક્રોઈ જી.અમદાવાદ) પરીવાર સાથે તા.૦૫/૦૧/૨૦૨૧ ના રોજ નિકોલ ગોકુલ ગેલેક્ષી સામે પોતાના પિતાના ઘરે આવ્યા હતા. જયાં રંજનબહેન પરમારે અગમ્ય કારણસર તા.૦૬/૦૧/૨૦૨૧ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે ખેતરમાં જઈ ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી કે.જે.સથવારા ચલાવે છે.

**રામોલઃ** ભાવનાબહેન વા/ઓ જીતુભાઇ વાઘેલા (ઉ.વ.૨૭)(રહે.પંચરત્ન આવાસ યોજના ચાર માળીયા રીલાયન્સ પ્રેટ્રોલપંપ પાછળ વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૧/૨૦૨૧ કલાક ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અમૃતભાઇ મોહનભાઇ ચલાવે છે.

**વટવાઃ (૧)** ક્રિષ્ણા ડો/ઓ અશ્વીનભાઇ ચૌહાણ (ઉ.વ.૨૪)(રહે.મધુવન એપાર્ટમેન્ટ કાંકરીયા બેન્ક પાસે ઘોડાસર ચાર રસ્તા પાસે ઘોડાસર) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૧/૨૦૨૧ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એમ.દેસાઇ ચલાવે છે.

**વટવાઃ (૨)** બબલુરામ રાજકિશોરરામ રામ (ઉ.વ.૧૯)(રહે.ગણેશનગર હરીઓમપાર્ક સોસાયટી પાસે વિંઝોલ રોડ વટવા) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૧/૨૦૨૧ સવારના ૯/૦૦ થી રાતના ૯/૩૦ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે છતના હુકમાં પ્લાસ્ટીકની પટ્ટી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ચેતનભાઇ હરજીભાઇ ચલાવે છે.

**વટવાઃ (૩)** દ્વારકેશ ઉર્ફે દ્વારકા અમરસિંગ રાજપુત (ઉ.વ.૨૫)(રહે.સદભાવનાનગર ચાર માળીયા વટવા) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૧/૨૦૨૧ સવારના ૯/૦૦ થી બપોરના ૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રમેશભાઇ ગીંબાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી